## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




## જલારામ હોસ્પિટલ અને વર્લ્ડ ઈન બોકસ એકેડમી દ્વારા ફ્રી મેડીકલ કેમ્પ

જલારામ હોસ્પિટલ અને વર્લ્ડ ઈન બોકસ એકેડમીના સંયુકત ઉપક્રમે ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન તા. ૧ જુલાઈને રવિવારના રોજ સવારે ૯ થી ૧ કલાક દરમિયાન વર્લ્ડ ઈન બોક્સ એકેડમી સેકટર-૬ શાંતિ આર્કેડ ખાતે કરવામાં આવ્યું છે. આ ફ્રી મેડીકલ કેમ્પમાં શરીરમાં કેલ્શિયમની માત્રા બતાવતો ટેસ્ટ તેમજ ઓર્થોપેડીક-મેડીસીન વિભાગ દ્વારા નિદાન તદ્દન ફ્રી આપવામાં આવશે. જયારે ઈસીજી રીપોર્ટ માત્ર રૂ.૩૦માં અને એકસ-રેમાં ૫૦ ટકા ડિસ્કાઉન્ટ રાખવામાં આવ્યું છે.જયારે દવાઓ જલારામ મેડીકલ સ્ટોર પરથી રાહત દરે આપવામાં આવશે. આ કેમ્પનો લાભ લેવા માટે ૮૨૩૮૨૩૮૭૮૭ પર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. જયારે ડાયાબિટીસનો ટેસ્ટ બિલકુલ વિનામુલ્યે કરવામાં આવશે. જયારે ઓર્થોપેડીક વિભાગમાં ડો. હાર્દિકસિંહ વાઘેલા અને ફિઝીશીયન તરીકે ડો. મયંક પટેલ હાજર રહેશે. ગાંધીનગર શહેરના દર્દીઓને વધુમાં વધુ આ કેમ્પનો લાભ લેવા જલારામ હોસ્પિટલ દ્વારા અનુરોધ કરાયો છે.

# સચિવાલય ક્રેડિટ સોસાયટીની ચૂંટણીના પરિણામો જાહેર

### પાંચ ડિરેકટરના પદ પર વત્સલ વોરા, કનુ પટેલ, ચેતન દવે, દિપક પટેલ અને વિપુલ રાઠવાનો ભવ્ય વિજય

ગાંધીનગર, તા.૨૨
નવા સચિવાલય ક્રેડિટ સોસાયટીની વર્ષ ૨૦૧૮ની ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો ઓપરેટીવ ન્યુ ક્રેડિટ સોસાયટીના નવા ડિરેકટર માટે



રસાકસી ભરી ચૂંટણી યોજાઈ હતી. મોડી રાત્રે જાહેર થયેલા પરિણામમાં પાંચ ડિરેકટરો ચૂંટાઈ આવ્યા છે. જેમાં વત્સલ વોરા, કનુ પટેલ, ચેતન દવે, દિપક પટેલ અને વિપુલ રાઠવાનો સમાવેશ થાય છે.

નવા સચિવાલય સ્થિત ધી કેન્ટીન ખાતે મતગણતરી હાથ ધરાઈ હતી. અને તેના પરીણામો પણ જાહેર કરાયા હતા. જેમાં પાંચ બેઠકો પર ચૂંટણી યોજાઈ હતી. ગત નવા સચિવાલયના બ્લોક નં. ૬ ખાતે મતદાન થયું હતું. કુલ ૧૪૭૦ મતદારોમાંથી ૧૦૭૮ મતદારોએ મતદાન કર્યું હતું. એટલે કે મોડી સાંજ સુધીમાં ૭૩.૩૩ ટકા મતદાન નોંધાયું હતું.

રાત્રે જૂના સચિવાલયની સામાન્ય વહીવટ વિભાગના વત્સલ વોરાને ૭૬૪, શિક્ષણ વિભાગના કનુભાઈ પટેલને ૭૩૮, શહેરી વિકાસ નિગમના ચેતન દવેને ૭૧૧, શિક્ષણ વિભાગના દિપક પટેલને ૬૦૨ અને નર્મદા જળ સંપત્તિ વિભાગના વિપુલ રાઠવાને ૫૪૨ મતો મળતા તે તમામ વિજેતા જાહેર થયા હતા. આ ચૂંટણીમાં જયેન્દ્રસિંહ રાઠોડ, નરેશકુમાર ગાંવિત, મહેશ આહજોલિયા, લાલસિંહ બિહોલા અને શૈલેષ મજમુદારને હારનો સામનો કરવો પડયો હતો.

ક્રેડિટ સોસાયટીની આ ચૂંટણીમાં ડિરેકટર પદે ચૂંટાઈ આવનાર ઉમેદવારોને શુભેચ્છકો અને સાથી કર્મચારી મિત્રોએ અભિનંદન પાઠવ્યા હતા.

## ગુજરાત નાગરિક પુરવઠા નિગમની મટીરીયલ બેંક શાખાનો ઈ-મેલ આઈડી અને પાસવર્ડ નિગમનો પૂર્વ કર્મચારી આપતો નથી

### નિગમના વહીવટી શાખાના જનરલ મેનેજરે પૂર્વ કર્મચારી સામે નોંધાવી પોલીસ ફરિયાદ આ કૃત્યથી ઘણા હિસાબો મળતા નથી

ગાંધીનગર, તા.૨૨
અમદાવાદના બોપલ ખાતે રહેતા અને સેક્ટર ૧૦ ગાંધીનગર ખાતે ગુજરાત નાગરિક પુરવઠા નિગમ લિમિટેડમાં વહીવટી શાખામાં જનરલ મેનેજર તરીકે ફરજ બજાવતા હસમુખભાઈ પ્રાગજીભાઈ પટેલે સેકટર-૭ પોલીસ સ્ટેશનમાં પૂર્વ કર્મચારી સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ ગાંધીનગરમાં રહેતો સત્યમ પ્રહલાદભાઈ પટેલ અગાઉ નિગમમાં નોકરી કરતો હતો. ૧ જુલાઈ ૨૦૧૭થી ૧૫ જાન્યુઆરી ૨૦૧૮ દરમિયાન સત્યમ પટેલ નિગમની મટિરીયલ બેન્ક શાખામાં નાયબ મેનેજર તરીકે વધારાનો ચાર્જ સંભાળતો હતો. ૧૬ જાન્યુઆરીએ સત્યમને અન્ય કારણોસર ફરજ મોકુફ કરવામાં આવ્યો હતો. મટિરીયલ બેંક શાખાનુ ઈ-મેલ આઈડી અને પાસવર્ડ સત્યમે બદલી નાખ્યા હતા. આ ઈ-મેલ આઈડી ઉપરથી સિમેન્ટ કંપનીઓ સાથે નિગમનું કોમ્યુનિકેશન થતુ હતું. જૂના હિસાબો પણ આ ઈ-મેલ આઈડીમાં છે. સત્યમ પટેલ નિગમના ઈ-મેલ આઈડી અને પાસવર્ડ નિગમને આપતો ન હોવાથી જુના હિસાબો નો તોડ મળતો નથી. સરકારી રેકોર્ડ સાથે છેડછાડ કરી છેતરપિંડી કરવા બદલ સત્યમ પટેલ સામે ગુજરાત નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ ના જનરલ મેનેજર હસમુખ પટેલે સેકટર-૭ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી ગુનાની ઊંડી તપાસ શરૂ કરી છે.

## જીટીયુની મોટર સ્પોર્ટસ ટીમને રાષ્ટ્રીય રેસિંગ કાર સ્પર્ધામાં દ્વિતીય ક્રમ

ગાંધીનગર, તા.૨૨
ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી જીટીયુની મોટર સ્પોર્ટસ ટીમે નોઈડામાં યોજાયેલી એસ.એ.ઈ. સુપ્રા ૨૦૧૮ રાષ્ટ્રીય રેસિંગ કાર સ્પર્ધામાં બીજું સ્થાન હાંસલ કર્યુ છે અને રૂ. ૧.૩૦ લાખના ઈનામો જીત્યા હતા.

નોઈડા ખાતે આયોજીત આ સ્પર્ધામાં દેશભરમાંથી કોલેજોના ૩૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. એન્જિનીયરીંગ કોલેજના વિદ્યાર્થીઓએ ૧૧૨ ટીમો તરીકે સ્પર્ધામાં ભાગ લીધો હતો. વિજેતાઓની પસંદગી કરવા માટે ભારતીય ઓટો ઉદ્યોગના ૭૦ નિષ્ણાંતો તેમજ જર્મનીના ચાર નિષ્ણાંતો પણ જોડાયા હતા.

પૂર્વ નિર્ધારિત ધારાધોરણ અને ડિઝાઈન મુજબ રેસિંગ કાર આ સ્પર્ધામાં હોય છે. આ સ્પર્ધા સતત સાતમા વર્ષે સફળતાપૂર્વક યોજાઈ હતી. તેમાં વિદ્યાર્થીઓના ઈનોવેશન અને ટેકનોલોજીને લગતા વિવિધ આઈડિયાનો સમન્વય જોવા મળ્યો હતો. મહારાષ્ટ્રની પિપરી ચીચવડ કોલેજ ઓફ એન્જિનીયરીંગ પ્રથમ સ્થાને જયારે જીટીયુ મોટર્સ સ્પોર્ટસ ટીમ બીજા સ્થાને રહી હતી. કુલ ૨૭ ટીમો ફાઈનલ રાઉન્ડ સુધી પહોંચી હતી. આ સિધ્ધિ યુનિવર્સિટી માટે નહીં પરંતુ ગુજરાત માટે પણ ગૌરવ સમાન છે.

# શહેરનો ચીટર કલ્પેશગીરી ગોસ્વામી પાસા હેઠળ ધકેલાયો

### અલગ-અલગ સેક્ટરોમાં મકાન વેચવાના બહાને ગ્રાહકોને કરોડોનો ચૂનો ચોપડનાર ગઠિયાને વડોદરા સેન્ટ્રલ જેલ મોકલી દેવાયો

ગાંધીનગર, તા.૨૨
ગાંધીનગર શહેરના કેટલાક બંધ પડી રહેલા મકાનો સર્વે કરીને આ મકાનના માલિકની જાણ




બહાર જ મકાન સસ્તા ભાવે વેચવા મૂકી ગ્રાહકોને પોતાની વાતોની જાળમાં ફસાવી બનાવટી દસ્તાવેજો પણ ઉભા કરી દેતી આ ગેંગના મુખ્ય સૂત્રધાર કલ્પેશગીરી ગોસ્વામી એન્ડ કંપનીએ ગ્રાહકોને કરોડો રૂપિયાનો ચૂનો ચોપડયો હોવાની ફરિયાદો પોલીસ ચોપડે નોંધાયેલી છે. શહેરના આ ચિટરને પાસા હેઠળ ધકેલવાની મંજૂરી મળતા જ ગાંધીનગર એલસીબીની ટીમે તેની અટકાયત કરીને તેને વડોદરા સેન્ટ્રલ જેલ હવાલે પાસા હેઠળ ધકેલી દેવામાં આવ્યો છે.

શહેરના જુદા જુદા સેકટરોમાં ગ્રાહકોને સસ્તા ભાવમાં મકાન આપવાની લાલચ આપી, ખોટા દસ્તાવેજો ઉભા કરી લોકોના કરોડો રૂપિયાની છેતરપિંડી કરનાર સેક્ટર-૨૪માં હરસિધ્ધ નગર ખાતે પ્લોટ નં.૧૧૬ માં રહેતો કલ્પેશગીરી રમેશગીરી ગોસ્વામી વિરુદ્ધમાં છેતરપિંડી બાબતે સંખ્યાબંધ ગુનાઓ દાખલ થયેલા છે. આ ગુનાઓને ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવ દ્વારા આ ચીટર શખ્સની પાસા દરખાસ્ત તૈયાર કરવા એલ.સી.બી.ને સૂચના આપવામાં આવતા એલસીબી પીઆઈ જે.ડી પુરોહિતની ટીમે પાછા દરખાસ્ત તૈયાર કરી જિલ્લા મેજિસ્ટ્રેટ તરફ મોકલી આપી હતી. જિલ્લા મેજિસ્ટ્રેટ એસ.કે.લાંગા એ સમગ્ર ગુનાની વિગત ધ્યાને લઈ આ આરોપી કલ્પેશગિરી ગોસ્વામીનો પાસા હેઠળ અટકાયત કરવાનો હુકમ ઈસ્યુ કર્યો હતો. આ હુકમની બજવણી કરવા ઈન્ચાર્જ જિલ્લા પોલીસ અધિક્ષક વિજય પટેલે એલસીબી પીઆઈ તરલ ભટ્ટને સૂચના આપી હતી. જે અનુસંધાને તેમની ટીમે આરોપી કલ્પેશગીરી ગોસ્વામી ગઈકાલે શોધી કાઢીને પકડી પાડ્યો હતો અને તેની પાસા હેઠળ અટકાયત કરી પોલીસ જાપ્તા હેઠળ વડોદરા મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવામાં આવ્યો છે.



ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં સે. ૬ની પ્રાથમિક શાળામાં આજે પ્રવેશોત્સવમાં ભાગ લેવા મેયર પ્રવિણ પટેલ પહોંચ્યા હતા. તેમણે પ્રાંગણમાં વૃક્ષારોપણ બાળકો સાથે કરી ધો. ૧માં બાળકોને પ્રવેશ દફતર અને નોટબુક આપી કરાવ્યો હતો.

# ધો. ૧માં માણસા શહેરમાં તો ધો. ૯માં દહેગામ માણસામાં કન્યાઓએ વધુ પ્રવેશ મેળવ્યો

### રોકડ દાનમાં માત્ર ૧૨,૬૦૦ મળ્યા તેમાં બે હજાર દહેગામમાંથી તો માણસામાંથી ૧૦,૬૦૦

ગાંધીનગર, તા. ૨૨
ગાંધીનગર જિલ્લાના શહેરી વિસ્તારોમાં આજથી આરંભાયેલ શાળા પ્રવેશોત્સવમાં ધો. ૧ માં કુમાર કરતાં કન્યાઓએ માણસા શહેરમાં પ્રવેશ વધુ મેળવ્યો હતો જયારે ધો. ૯ માં દહેગામ અને કલોલમાં કુમાર કરતાં કન્યાઓએ વધુ પ્રવેશ પ્રાપ્ત કર્યો હતો.

દ્વિ દિવસીય આ કન્યા કેળવણી મહોત્સવમાં રૂ. ૧૨,૬૦૦નુ રોકડ દાન તેમજ વસ્તુ સ્વરૂપે ૨૭,૭૨,૫૬૨નું દાન મેળવી કુલ રૂ. ૨૭,૮૫,૧૬૨નું દાન તંત્રને મળ્યુ છે. આ દાન રોકડમાં પ્રાપ્ત થયુ છે. તેમાં દહેગામમાં ૨ હજાર રૂ. તથા માણસા શહેરમાં રૂ. ૧૦,૬૦૦નો સમાવેશ થાય છે.

ગાંધીનગર જિલ્લામાં માણસા શહેર એક માત્ર એવુ છે જ્યાં આજે ધો. ૧માં ૩૫ કુમાર સામે ૫૨ કન્યાઓએ પ્રવેશ મેળવ્યો હતો.

જયારે ધો. ૯માં દહેગામ અને કલોલ શહેરમાં કુમાર કરતાં કન્યાઓએ વધુ પ્રવેશ મેળવ્યો હતો.

આ બે દિવસીય પ્રવેશોત્સવની ઉજવણી ૨૦ પ્રા. શાળા અને ૩૨ માધ્યમિક શાળાઓમાં થઈ હતી. પ્રથમ દિવસે ૬૦૫૬ બાળકોએ પ્રવેશ મેળવી પ્રવેશોત્સવની ઉજવણી કરી હતી. ધો. ૧માં ૬ બાળકોએ પુનઃ પ્રવેશ મેળવ્યો છે. ધો. ૯માં ૨૭૯૩ કુમાર અને ૨૨૭૫ કન્યાઓ સાથે મળી ૫૦૬૮ બાળકોએ પ્રવેશ મેળવ્યો છે. આજના પ્રવેશોત્સવમાં બે દિવ્યાંગ બાળકોએ પણ પ્રવેશ મેળવ્યો છે.

૬૮ બાળકોને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા છે તો ૧૩ શાળાઓમાં સર્વશિક્ષા અભિયાન અંતર્ગત ટ્રાન્સપોર્ટની સુવિધા આપવામાં આવી છે.

ગાંધીનગર મનપા વિસ્તારમાં ધો. ૯માં સૌથી વધુ પ્રવેશ મેળવનાર બાળકોની સંખ્યા ૨૫૪૦ છે જ્યારે સૌથી ઓછા માણસા શહેરના બાળકો છે જેમની સંખ્યા ૪૦૩ છે. આંગણવાડી કેન્દ્રોમાં ૭૧૭ ભૂલકાંઓએ આજે પ્રવેશ મેળવ્યો છે.



આર.જી. પટેલ કન્યા વિદ્યાલય ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે પ્રવેશોત્સવ યોજાયો હતો. તેમાં આદર્શ નિવાસી શાળા (અ.જા./કન્યા) સેકટર-૮ની વિદ્યાર્થીની વાળા જયોત્સનાબેન ગીગાભાઈને ધોરણ-૯માં પ્રવેશ માટે પુસ્તકોનો સેટ આપી પ્રવેશ કરાવ્યો હતો તેમજ ધોરણ-૯માં પ્રથમ આવેલ વિદ્યાર્થીની વાણિયા મમતા ઈશ્વરભાઈ અને ધો-૧૧માં પ્રથમ આવેલ વિદ્યાર્થીની દુલેરા નમ્રતા રાજુભાઈને ઈનામ અને પ્રમાણપત્ર આપી સન્માન કર્યું હતું.

## જીઆઈએસએફએસના જવાનોએ વિધાનસભા ખાતે યોગા કર્યા

ગાંધીનગર, તા. ૨૨
નવા સચિવાલય વિધાનસભા ખાતે જીઆઈએસએફએસના જવાનો દ્વારા યોગદિની ઉજવણી કરવામાં આવી હતી.

ગાંધીનગરની સરકારી કર્મચારીઓના ધોરણ-૧૦ અને ૧૨માં વિશિષ્ટ ગુણ પ્રાપ્ત કરનાર બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સલામતી અધિકારી દિલીપસિંહ પરમારે જવાનોની કામગીરીની



કચેરીઓની સુરક્ષા પુરી પાડતા આ જવાનોએ યોગ ગુરૂની આગેવાનીમાં વિવિધ યોગના આસનો કર્યા હતા. યોગ ગુરૂએ યોગ કરવાથી થતા ફાયદા અંગે માહિતી આપી હતી. યોગ કાર્યક્રમ બાદ જીઆઈએસએફએસના પ્રશંસા કરી હતી અને નિયમિત યોગ કરવા અનુરોધ કર્યો હતો.

આ ઈનામ વિતરણ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે ધારાસભ્ય અને વિધાનસભાના પૂર્વ ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર અને યોગ શિક્ષક વર્ષાબેન દવે અને જવાનો હાજર રહ્યા હતા.




**ચિલોડા સેવા કેન્દ્ર ખાતે ઔષધિ વૃક્ષારોપણ થકી વિશ્વ યોગ દિન ઉજવાયો**

ગાંધીનગર જિલ્લાના પ્રવેશદ્વાર સમા ચિલોડા જગદંબા ભવન ખાતે ચિલોડા સેવા કેન્દ્ર હોમગાર્ડઝ સબ યુનિટ તથા આરોગ્ય ભારતી દ્વારા ૨૧મી જૂનના રોજ યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે રાજયોગીની બી.કે. કૈલાશદીદીજી, બે.કે. તારાદીદીજી, બી.કે. ટી.ડી. પટેલ, યોગ શિક્ષક યોગેશભાઈ જણસારી એડવોકેટની ઉપસ્થિતિમાં ઔષધિ-વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. યોગ શિક્ષિક યોગશભાઈ દ્વારા ચિલોડા હોમગાર્ડઝ સબ યુનિટના જવાનોને યોગ-પ્રાણાયામ આસનો કરાવી યોગ દિવસની ઉજવણી કરી હતી. બ્રહ્માકુમારી બહેનોએ રાજયોગ થકી અભ્યાસ કરાવી યોગશકિત દ્વારા શારિરીક, માનસિક, આધ્યાત્મિક શકિત કેળવી તંદુરસ્ત જીવન બને તેવો સંદેશો આપ્યો હતો. અંતમાં બી.કે. દૈલાસદીદીએ હોમગાર્ડઝ જવાનોને આર્શીવચનો પાઠવ્યા હતા.

# ગલુદણ ગામે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનું સર્ચ ઓપરેશન

ગાંધીનગર પાસેના ગલુદણ ગામે તલ પ્રોસેસ કરતી ફેકટરીમાંથી છોડવામાં આવતા કેમીકલ યુકત પાણીથી પરેશાન ગ્રામજનોની સમસ્યા અંગે સમાચાર છાપામાં છપાતા જ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધિકારીઓ આજે તાબડતોબ ગલુદણ ગામે પહોંચી ગયા હતા દૂષિત પાણીનો ફેલાવો કરતી ફેકટરી સામે કડક કાર્યવાહી શરુ કરી હતી અને પ્રદૂષણ ફેલાવતી ફેકટરીના સંચાલકો પાસે તેમણે ખુલાસો માંગ્યો હતો. પ્રદૂષણ ફેલાવતી ફેકટરીઓ દોષિત જણાશે તો તેની કલોઝર નોટીસની પણ કાર્યવાહી કરવામાં આવશે.

ગાંધીનગર નજીકના ગલુદણ ગામે તલ પ્રોસેસ કરતી ફેકટરીમાંથી છેલ્લા ઘણા સમયથી કેમીકલયુકત ગંદુ પાણી જાહેર વિસ્તાર અને ગામ પાસેથી પસાર થતી નદીમાં છોડવામાં આવે છે. આ કેમીકલ યુકત પાણીથી નદી અને ખેતીને ભારે નુકસાન થઈ રહ્યું છે. આ ગંદા પાણીની દુર્ગંધથી ગ્રામજનો હેરાન પરેશાન થઈ ગયા છે. આ સમસ્યાને લઈ આજે છાપામાં સમાચાર છપાતા સાવ અજાણ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધિકારીઓ તાબડતોબ બનાવ સ્થળે દોડી આવ્યા હતા અને ગ્રામજનોની મદદથી ફેકટરી સુધી પહોંચી તપાસ શરુ કરી હતી. પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધિકારીઓએ ગ્રામજનોની મદદથી ગટરલાઈન શોધી ખોદકામ કરાવ્યું હતું અને પ્રદૂષણ ફેલાવતી ફેકટરી પાસે ખુલાસો માંગ્યો હતો અને જો ફેકટરી દોષિત ઠરશે તો ત્રણ દિવસ બાદ કલોઝર નોટીસ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા આપવામાં આવશે.

# આજે સમસ્ત રાજપૂત મહિલા સેવા ટ્રસ્ટ દ્વારા કાર્યક્રમો યોજાશે

ગાંધીનગર, તા.૨૨
આજે સમસ્ત રાજપૂત મહિલા સેવા ટ્રસ્ટ દ્વારા સેકટર-૩૦ પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય ખાતે બપોરે ૩ થી ૫ કલાક દરમિયાન વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ધોરણ-૧૦ અને ૧૨માં સારા ગુણ મેળવનાર દિકરીઓને સન્માનિત કરવામાં આવશે. તેમજ સ્પર્ધાત્મક પરિક્ષાના કલાસ શરુ કરવામાં આવનાર છે તેની માહિતી આપવામાં આવશે. આ પ્રસંગે મોટીસંખ્યામાં બહેનો ઉપસ્થિત રહેશે.

ગાંધીનગર સમસ્ત રાજપૂત મહિલા સેવા ટ્રસ્ટ દ્વારા આયોજીત કાર્યક્રમમાં ધો-૧૦ અને ધો-૧૨માં ઉત્તમ પરિણામ મેળવનાર દિકરીઓને પ્રોત્સાહન ઈનામ આપી સન્માનિત કરવામાં આવશે.તેમજ જીપીએસસી, કલાર્ક, હાઈકોર્ટ, સહિતની વિવિધ સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી માટે આગામી તા. ૨૫ જુનથી રાહત દરે રાજપૂત દિકરીઓ માટે તાલિમ વર્ગ શરુ કરવામાં આવનાર છે. સ્પર્ધાત્મક પરિક્ષાના તાલિમ વર્ગ ૩૩ શુભ વિરાજનેશ પાર્ક ચરેડી વડ પાસે પેથાપુર ખાતે પ્રથમ બેચ શરુ થશે તેમ સમસ્ત રાજપૂત મહિલા સેવા ટ્રસ્ટના પ્રમુખ બિનાબા રાણાએ જણાવ્યું છે.

**ગુજરાત ઈકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ 'ગીર' ફાઉન્ડેશન**

**ઈન્દ્રોદા પ્રકૃતિ ઉદ્યાન ખાતે પ્રકૃતિ શિક્ષણ શિબિર તળે ભોજન સેવાઓ (કેટરીંગ સુવિધા) પુરી પાડવા બાબત**

'ગીર' ફાઉન્ડેશન, ગાંધીનગર કચેરી હસ્તકના ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન તેમજ અરણ્ય ઉદ્યાન ખાતે યોજવામાં આવતી શાળા તેમજ કૉલેજના વિદ્યાર્થીઓ માટે પ્રકૃતિ શિક્ષણ શિબિરો તળે કેટરીંગ સુવિધા પુરી પાડવા જે કોઈ રસ ધરાવતા હોય તેવા કેટરર્સ / વ્યક્તિ / સંસ્થા / ઈજારદારે આ જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-૧૦ સુધીમાં રોકડેથી / ડી.ડી. થી રૂ. ૧૫૦૦/- ભરી, જે તે બાબતનું કોરૂ ટેન્ડર ફોર્મ 'ગીર' ફાઉન્ડેશન કચેરીએથી મેળવી લેવાનું રહેશે અને તદનુસાર ટેન્ડર કોપીમાં સચૂતિ કરેલ બાબતો / શરતો / જોગવાઈઓ અનુસાર બંધ કવરમાં ભાવો ભરી, જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-૧૫માં ટેન્ડર કોપીમાં સૂચિત કરેલ તરીખ સુધીમાં આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી અત્રે મળે તે રૂએ તેમજ કવર ઉપર 'કેટરીંગ સુવિધા પુરી પાડવાના ભાવ' લખી અત્રે મોકલી આપવાના રહેશે.

**સરનામું : 'ગીર' ફાઉન્ડેશન, ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન, પો. સેક્ટર-૭, ગાંધીનગર-૩૮૨૦૦૭**
**ફોન સંપર્ક : (૦૭૯) ૨૩૯૭૭૩૦૦**

માહિતી/૭૬૭/૧૮-૧૯
નાયબ નિયામક, આર. એન્ડ ડી.,
'ગીર' ફાઉન્ડેશન, ગાંધીનગર

**ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લી.**
**(રાજ્ય સરકારનું સાહસ)**
**'બલરામ ભવન, સેક્ટર-૧૦એ, ગાંધીનગર**
ફોન : ૦૭૯-૨૩૨૫૯૩૧૯, ૫૯૩૨૦, ૫૯૩૨૨, ફેક્સ : ૦૭૯-૨૩૨૫૨૩૧૧
Website : gsldc.gujarat.gov.in
Email : md-gsld@gujarat.gov.in
CIN No. U45201GJ1978SGC003124

**કોપીયરની કામગીરીના ભાવ કરાર બાબત**

નિગમની મુખ્ય કચેરીમાં કોપીયરની કામગીરી માટે વાર્ષિક ધોરણે પ્રતિ કોપીના દરથી કોપીવાઈઝ કોન્ટ્રાક્ટ માટે ભાવો મંગાવવામાં આવે છે. આ અંગેની વિગતવાર શરતો ટેન્ડરમાં દર્શાવેલ છે. રસ ધરાવતી પાર્ટીઓએ રૂ. ૧૦૦૦/- (નોન રીફંડેબલ) ટેન્ડર ફી કચેરીમાં સમય ૧૧.૦૦ થી ૧૪.૦૦ કલાક સુધીમાં ભર્યેથી તા. ૫/૭/૨૦૧૮ સુધી મેળવી શકાશે. ભરેલ ટેન્ડર ફોર્મ કચેરીની રજીસ્ટ્રી શાખામાં રૂબરૂ અથવા તો પોસ્ટથી તા. ૧૨/૭/૨૦૧૮ સમય ૧૭.૦૦ સુધીમાં જ મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે. નિયત તારીખ, સમય બાદ મળેલ ટેન્ડરો માન્ય રહેશે નહિ.

**વહીવટી સંચાલક**
**ગુ.રા.જ.વિ.નિ.લી.**
**ગાંધીનગર**
માહિતી/૭૬૯/૧૮-૧૯

**જાહેરાત**

**કાયદા અધિકારીની એક જગ્યા ૧૧ માસ માટે કરાર આધારિત ભરવા બાબત.**

નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર કચેરી માટે કાયદા અધિકારીની સેવાઓ કરાર આધારિત ૧૧ માસ માટે ઉચ્ચક મહેનતાણાથી લેવાની હોવાથી આ જગ્યા પર જોડાવા માંગતા ઉમેદવારો પાસેથી નીચેની વિગતોએ નિયત નમૂનામાં અરજીઓ મંગાવવામાં આવે છે.

**જગ્યાનું નામ : કાયદા અધિકારી, કુલ જગ્યા-૦૧**
**ઉચ્ચક મહેનતાણું : પ્રતિ માસ રૂ. ૪૦,૦૦૦/-**

જગ્યાની ઉમેદવારી માટે મુળભૂત લાયકાત માન્ય યુનિવર્સિટીના કાયદા સ્નાતક કે તે ઉપરની પદવી રહેશે. જગ્યા માટેની વિગતવાર લાયકાત, ઉંમર, અનુભવ તેમજ અન્ય વિગતો તથા નિયત અરજી ફોર્મ આ ખાતાની વેબસાઈટ www.sje.gujarat.gov.in/ddew/ પર ઉપલબ્ધ છે. જાહેરાત મુજબ લાયકાત ધરાવતા ઉમેદવારોએ નિયત નમૂનામાં તા. ૧૦/૭/૨૦૧૮ સુધીમાં મળી જાય તે રીતે અરજી ફક્ત રજી.એ.ડી.થી કરવાની રહેશે.

**સહી/-**
**(કે. જી. વણઝારા)**
**નિયામક**
**વિકસતી જાતિ કલ્યાણ**
**ગુજરાત રાજ્ય, ગાંધીનગર**
માહિતી/૭૫૯/૧૮-૧૯